

# ROSHNI


**Reaching Out to Serve Humanity with New Initiatives**

May 2022 | Issue No. 30 | Monthly Newsletter

## અમારા વિશે

પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશન સંસ્થા કે જે 2003થી અમદાવાદના વંચિતવર્ગના વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકો/વ્યક્તિઓ સાથે કાર્ય કરે છે. સંસ્થા વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકો અને પુખ્તવયના લોકોના માનસિક અને શારીરિક પડકારોમાં મદદ કરે છે. સંસ્થા ૩ પ્રોગ્રામ દ્વારા કાર્ય કરે છે:- પ્રભાત સેન્ટર, સમુદાય આધારિત પુનર્વસન અને એડવોકેસી દ્વારા નેટવર્કિંગ. પ્રભાતે એક બાળક સાથે પહેલા કામ શરુ કર્યું હતું, અને આજે તેનો વિકાસ અમદાવાદમાં વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા 3000થી વધુ વ્યક્તિઓ તેમજ તેમના પરિવારો, પાડોશીઓ અને સમુદાયોને સ્પર્શે છે.

PRABHAT
EDUCATION FOUNDATION



Working towards skill improvement







https://www.youtube.com/channel/UCe1oxuBWMDvyCRk2EPzzjlA



https://www.facebook.com/Prabhateducationfoundation/

https://www.instagram.com/prabhat_education_foundation

# "એક દેવકી ઐસી ભી!"

"એક દેવકી ઐસી ભી!" કેમ્પેઇનની નાયિકા પ્રભાતની દેવકી ઉર્ફે દેવિકા, કે જેના માધ્યમથી આખું અમદાવાદ સ્પે.નીડ અંગેની અવેરનેસથી ગુંજી ઉઠ્યું હતું. દેવિકા કે જેની આંખોમાં હંમેશા ચમક અને મોઢા પર હંમેશા સ્મિત રહેતું તેનો જન્મ રાજસ્થાનમાં થયો હતો. દેવિકાએ બાળપણથી જ પિતાની છત્રછાયા ગુમાવી હોવાથી તેની માતા પોતાની બંને દીકરીઓ સાથે અમદાવાદ સ્થાયી થયા હતા. જ્યાં તેઓ પોતાની બહેન અને મમ્મીના સહકારથી છૂટકકામ કરીને ગુજરાન ચલાવતા હતા. નાની દેવિકા સેરેબલ પાલ્સીનો શિકાર હતી. આથી તેને વ્યક્તિગત દેખભાળની જરૂર રહેતી જેમાં તેની મોટી બહેન અને માસીનો સંપૂર્ણ સહકાર મળતો.




વર્ષ 2015માં પ્રભાતની ફિલ્ડ ટીમ દ્વારા દેવિકા વિષે જાણકારી મળી ત્યારે દેવિકાની ઉંમર 7 વર્ષની હતી. ત્યારથી તે બાળકી પ્રભાત પરિવાર સાથે સંકળાઈ. દેવિકાની સીવિયારિટી, આર્થિક પરિસ્થિતી, મોબિલીટી પ્રોબ્લેમ વગેરે મર્યાદાને કારણે તેનો સમાવેશ સંસ્થાનાં હોમબેઝ પ્રોગ્રામમાં કરવામાં આવ્યો. જેમાં અઠવાડિયામાં બે દિવસ સ્પે.એજ્યુકેટર અને એક દિવસ ફીઝીયોથેરાપીસ્ટ તેને તાલીમ આપવા તેના ઘરે જઈને કાર્ય કરાવતા હતા. જેના કારણે દેવિકા કંઈક શીખી શકે તેવી આશા છોડી દેનાર કુટુંબીજનોને આશા બંધાઈ હતી.



પહેલા બિલકુલ હાથ કે પગનો ઉપયોગ ના કરી શકનાર અને દરેક કાર્યમાં મુશ્કેલી અનુભવતી દેવિકા સતત ટ્રેનિંગની મદદથી પલાંઠી વાળતાં, વસ્તુ પકડતાં, જાતે જમતા, ટીશર્ટ પહેરતા, વોકરની મદદથી ઊભી રહેતા શીખી હતી. હાથ અને પગમાં સખત સ્ટીફનેસ હોવા છતાં તે ધીમે-ધીમે ખસતા-ખસતા ઘરમાં અને ઘરના આંગણામાં વારંવાર જતી રહેતી. તેને માટી અને પાણીમાં રમવું ખુબ જ ગમતું, તેનો આ શોક મમ્મીની નારાજગી દર્શાવતો પણ તે પૂરો કરતી.



દેવિકાની ધગશ અને ઉત્સાહના કારણે પ્રભાતમાં ઈન્ટર્નશીપ કરવા આવેલ N.I.D.સ્ટુડન્ટ્સે દેવિકા પોતાના કાર્યમાં સ્વતંત્ર બને તે માટે એક ટ્રોલી ડિઝાઈન કરી. જેમાં બેસીને તે આસપાસ ફરી શકે, જાતે હાથ-પગ ધોઈ શકે અને એક જગ્યાએ બેસીને અલગ-અલગ ફાઈનમોટર, સેન્સરી તથા એકેડેમીક એક્ટીવીટી કરી શકે. દેવિકાના ઘર-આંગણે સમર-કેમ્પ, ચિત્ર-સ્પર્ધા, ગરબા જેવા કાર્યક્રમો યોજવાના કારણે તે તેના એરિયામાં ખુબ લોકપ્રિય બની ગઈ હતી. આટલું જ નહીં, રેડીયો મિર્ચી દ્વારા 'એક દેવકી એસી ભી' કેમ્પેઈન યોજવામાં આવ્યું. તે દરમ્યાન RJ દેવકી સાથે અમદાવાદના મેયર શ્રી ગૌતમભાઈ પટેલે પણ દેવિકાના ઘરની મુલાકાત લીધી હતી. તે કેમ્પેઈનના રેડિયોના માધ્યમથી દેવિકા અમદાવાદના ઘરે-ઘરે પહોંચીને સ્પે.નીડના અવેરનેસનું માધ્યમ બની હતી.

હમણાં થોડા સમયથી દેવિકા તાવ, શરદી, ઉધરસનો સામનો કરી રહી હતી. કુટુંબીજનો દ્વારા તેની સાર-સંભાળ લેવાતી હતી. તેનામાં અશક્તિ આવી ગઈ હતી અને તેને ખોરાક લેવામાં પણ તકલીફ પડતી હતી. તે સમયમાં પણ તેણે પ્રભાત તરફથી તેના ઘર-આંગણે બાળકોને જમાડવાના કાર્યક્રમમાં ભાગ લીધો હતો. બસ આ મુલાકાત તેની પ્રભાત સંસ્થા સાથેની આખરી મુલાકાત બની અને તેના એક અઠવાડિયા બાદ તેને 19-05-2022ના રોજ છેલ્લા શ્વાસ લઈને દુનિયાને અલવિદા કીધી.



અનેક મર્યાદા સાથે પણ તે ઉદાહરણરૂપ જીવન જીવી અને પ્રભાત, તેના શિક્ષકો, તેના પરિવાર અને સમાજ માટે અવિસ્મરણીય બની. ઈશ્વર તેના આત્માને પરમશાંતિ આપે તેવી સમગ્ર પ્રભાત પરિવાર તરફથી પ્રાર્થના!

-By Jagruti Desai (Special Educator)

**દિવ્યાંગ બાળકો માટે શિક્ષણમાં સરળ પ્રક્રિયાઓ બનાવવા તરફ:-** દિવ્યાંગ બાળકોની નોર્મલ સ્કૂલમાં એડમિશન લેવાની પ્રક્રિયાને મજબૂત કરવા અને આંગણવાડીમાંથી દિવ્યાંગ બાળકોને નોર્મલ સ્કૂલ સાથેના સંક્રમણને નિયમિત કરવા માટે પ્રભાત સંસ્થા છેલ્લા કેટલાક મહિનાથી WIPRO ફાઉન્ડેશન સાથે સહયોગમાં (કોલાબ્રેસન) કામ કરી રહ્યું છે. આના ભાગરૂપે સંસ્થા ટ્રેનિંગ મારફતે આંગણવાડીઓ અને સ્કૂલો, ખાસ કરીને સરકારી સ્કૂલોને મજબૂત બનાવવા પ્રયત્નશીલ રહી છે. જેની સાથે સંસ્થાએ ઓળખાયેલા દિવ્યાંગ બાળકો માટે પોતાના કેન્દ્રમાં પ્રિપેરેટરી ક્લાસ શરુ કર્યા છે. આ મહિને સંસ્થાની ટીમ દ્વારા દાણીલીમડા વોર્ડની 20 આંગણવાડીમાંથી 2-2 કાર્યકરોને અવેરનેસ આપવામાં આવ્યું. સંસ્થાની WIPRO ફાઉન્ડેશન સાથેની ભાગીદારીથી સંસ્થાની ટીમના ઉત્સાહમાં અને ક્ષમતામાં મજબૂતાઈ આવી છે, અને ટીમે પોતાની કામગીરી અંગે પ્રેસેંટેશન રજૂ કર્યું.

**આત્મનિર્ભર પેઢીનું નિર્માણ:-** સંસ્થા 15 વર્ષ અને વધુ સમયથી જુદી-જુદી દિવ્યાંગતા ધરાવતા બાળકો માટે રિહાબિલીટિશન પ્રદાન કરે છે. સંસ્થાના મોટાભાગના બાળકો હવે એવી ઉંમરે છે જ્યાં તેઓ રોજગારી મેળવી શકે, આ વાતને ધ્યાનમાં લઈને સંસ્થા છેલ્લા એક વર્ષથી રોજગાર માટેનું એક મોડલ તૈયાર કરી રહ્યું છે. સોશિયલ વેન્ચર પાર્ટનરશીપ (SVP) અમદાવાદના એક ગ્રૂપના સહયોગથી પ્રભાત સંસ્થા આવતા મહિને તેના પહેલા વ્યવસાયિક યુનિટનું ઉદ્ઘાટન કરશે. આમાં યુવાનોની ક્ષમતા, રુચિ, કૌશલ્ય અને બજારને ધ્યાનમાં રાખવામાં આવ્યા છે. ટેલરીંગ, ઈલેક્ટ્રીક વર્ક, પપેરબેગ બનાવવી, બેકીંગ, ડેટા-એન્ટ્રી, માટીના ઉત્પાદનો વગેરે જેવા ધંધાનો સમાવેશ થાય છે. પોતાને મળેલ વ્યવસાયિક યુનિટની સહાયથી સંસ્થા SVP નો આભાર પ્રગટ કરે છે. આ મહિને સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયાએ રોજગાર મેળવનાર યુવાનોની ટેકનીકલ સ્કિલ વધારવાના ઉદ્દેશથી સંસ્થાને લેપટોપ ભેટમાં આપ્યા છે.

**યોગ્ય રોજગાર જગ્યાઓની શોધમાં સંસ્થાની ટીમ:-** જયારે દિવ્યાંગ(બૌદ્ધિક વિકલાંગતા ધરાવતા) યુવાનોને રોજગાર માટે તૈયાર કરવા મહત્વપૂર્ણ છે, ત્યારે તેમના માટે યોગ્ય કાર્ય-ક્ષેત્રો શોધવા પણ એટલા જ મહત્વપૂર્ણ છે. કાર્યક્ષેત્રો એવા હોવા જોઈએ કે ત્યાંના માણસો આવા યુવાનોને અપનાવતા હોવા જોઈએ અને તેમનું સ્વાગત કરવા જોઈએ. આ માર્ગ તરફ સંસ્થાની ટીમે “Norquest Brands Pvt. Ltd.” કે જે ઇકો-ફ્રેન્ડલી બેગ બનાવે છે તેની મુલાકાત લીધી હતી. આ ફેક્ટરીમાં સંસ્થાના 5 બૌદ્ધિક વિકલાંગતા ધરાવતા પુખ્ત વયના યુવાનો પહેલેથી જ રોજગારી મેળવી રહ્યા છે. સંસ્થા આવા બૌદ્ધિક વિકલાંગતા ધરાવતા યુવાનોને રોજગારી અપાવવાની તક માટે ઉત્સુક છે.

**એક દિવસ પ્રભાતના નામે:-** સંસ્થાના બાળકો સાથે સમય પસાર કરવા માટેની તક પ્રભાતે ઉભી કરી તેમાં ઘણા મિત્રો, શુભેચ્ચકો અને ડોનર્સ તે તકનો લાભ લઇ રહ્યા છે. આ મહિને સંસ્થાની નાની મિત્ર ફલકે પોતાના જન્મદિવસને બાળકો સાથે ઉજવી યાદગાર બનાવ્યો. બાળકો સાથે રમતો રમી, ડાન્સ કર્યા, એક્ટીવીટી કરાવી તથા બાળકોને જમાડી સમય પસાર કર્યો હતો. સંસ્થાના બાળકોએ ખૂબ આનંદ માન્યો હતો. તે ઉપરાંત ભવાનભાઈ પરમારની યાદગીરીમાં સંસ્થાના બાળકોને જમાડવામાં આવ્યા.

**સહાયક સેવાઓ:-** વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકો/વ્યક્તિઓને જીવનમાં સામાન્યતાની કેટલીક જરિયાતો પૂરી પાડવા માટે સહાયક સેવાઓની સુવિધા ખૂબ જરૂરી હોય છે. આ મહિને સંસ્થાની ટીમ દ્વારા વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકો/વ્યક્તિઓને સહાયક સેવાની સુવિધા પૂરી પાડવામાં આવી છે: મેડિકલ સર્ટી-09, એસ.ટી પાસ-05, પેન્શન યોજના-09, બેન્ક એકાઉન્ટ-01, રેલ્વે પાસ:-05

**મંથલી એક્ટીવીટી:-** સંસ્થા પોતાના બાળકોની જરૂરિયાત અને વિકાસને ધ્યાનમાં રાખી બાળકોને દર મહિને જુદી-જુદી એક્ટીવીટી કરાવતી હોય છે. તે એક્ટીવીટી સંસ્થાના સ્પેશિયલ એજ્યુકેટર દ્વારા તૈયાર કરવામાં આવે છે. આ મહિને બાળકોને તેમના ધોરણને લગતી એકેડેમીક એક્ટીવીટી, A.D.L.એક્ટીવીટીમાં બટનીંગ-અનબટનીંગ, બુટની દોરી બાંધવી જેવી એક્ટીવીટી, ડ્રોઈંગ એક્ટીવીટીમાં થમ્બ પેન્ટિંગ, કલરીંગ જેવી એક્ટીવીટી, ફિઝિયોથેરાપી, આર્ટ એન્ડ ક્રાફ્ટ જેવી એક્ટીવીટી કરાવવામાં આવી. ઉનાળો ચાલી રહ્યો છે ત્યારે સંસ્થાના શિક્ષકો દ્વારા બાળકોને લીંબુ શરબત બનાવતા શીખવીને દરેક બાળકોને પીવડાવવામાં આવ્યું.

**ટીમ મીટીંગ:-** સંસ્થાની ઈન્ટરનલ ટીમની દર મહિને મીટીંગ કરવામાં આવે છે. જે મીટીંગમાં ટીમના દરેક મેમ્બર મહિના દરમ્યાનની પોતાની કામગીરીનો રિપોર્ટ બનાવી સબમિટ કરતા હોય છે. અને નવા ટોપિક પર ચર્ચા કરી, અવનવી વાતો કરી એકબીજાના નોલેજમાં વધારો કરતા હોય છે.

# ફોટો-ગેલેરી



શિક્ષક દ્વારા હોમ-વિઝીટ



મંથલી એક્ટીવીટી



થમ્બ પેન્ટિંગ



Norquest Brands Pvt. Ltd.માં ટીમ વિઝીટ



સંસ્થામાં ફિઝિયોથેરાપી



એસેસમેન્ટ



લીંબુ શરબત બનાવતા આવડી ગયું!

**PRABHAT EDUCATION FOUNDATION**
A-4, Sujal Apartment,
Opp. Satellite Bungalows,
Ramdevnagar,
Ahmedabad-380015.

**Phone:** +91 - 79 - 4890-3054;
**Mobile:** +91 9825009427
**Email:** prabhat@prabhatedu.org
**Website:** www.prabhateducationfoundation.org

PRABHAT EDUCATION FOUNDATION